
# કો-ઓર્ડ સેટમાં પ્રોફેશનલ કઈ રીતે દેખાશો?





ઓફિસમાં કેવા પ્રકારનાં આઉટફિટ્સ સ્ટાઈલ કરવા એને લઈને મહિલાઓ ઘણી કન્ફ્યુઝ રહે છે. તેઓ ઈચ્છે છે કે એ જે કોઈ આઉટફિટ પહેરે એમાં કમ્ફર્ટેબલ રહે સાથે જ પ્રોફેશનલ અને સ્ટાઈલિશ પણ લાગે. જો તમે પણ આવું કંઈ ઈચ્છતાં હો તો કો-ઓર્ડ સેટ પસંદ કરી શકાય. એ માત્ર આરામદાયક જ નથી પરંતુ સ્માર્ટ, એલિગન્ટ અને પ્રોફેશનલ લુક પણ આપે છે. જો કે કેટલાક એ સ્ટાઈલ કરવામાં નાની નાની ભૂલો કરી બેસે છે એટલે એ નાઈટ સૂટ જેવા દેખાય છે. ખાસ કરીને ઓફિસમાં કો-ઓર્ડ સેટને યોગ્ય રીતે સ્ટાઈલ કરવા જરૂરી છે. જેથી એ તમને કલાસી અને ટ્રેન્ડી લુક આપે.

કો-ઓર્ડ સેટ કહો કે લાઉંજ વેર, આજકાલ દરેક ઉંમરની મહિલાઓની ફર્સ્ટ ચોઈસ છે. સેલિબ્રિટીઝ પણ એરપોર્ટ, કેઝ્યુઅલ આઉટિંગ કે લંચ પર આ આઉટફિટ્સમાં દેખાય છે. તમે પણ સલવાર સૂટ, કુરતા કે સાડીઓથી બોર થઈ ગયાં હો અને તમારી સ્ટાઈલ ગેમને અપડેટ કરવા ઈચ્છતાં હો તો કો-ઓર્ડસેટ પહેરવાનું શરૂ કરી દો. તમે ઓફિસમાં, કોઈ ઈવેન્ટમાં અને ઓફિશિયલ મીટિંગમાં કો-ઓર્ડ સેટ પહેરી જઈ શકો છો. બસ કેટલીક વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

## શું કરશો?

» પ્રિન્ટેડ કો-ઓર્ડને બદલે સોલિડ કલર્સમાં કો-ઓર્ડ સેટ પસંદ કરો. કલર્સ બોલ્ડ અને લાઉડ નહીં પણ ન્યૂટ્રલ હોવા જોઈએ. દિવસના લાઈટ શેડ્સ અને પ્રિન્ટ સારાં લાગે છે. એ ક્લાસી દેખાય છે

» ઓફિસ માટે શર્ટ-પેન્ટ સેટ પર્ફેક્ટ છે. એને અલગ અલગ રીતે સ્ટાઈલ કરી શકાય છે.

» શર્ટ પેન્ટ સેટમાં શર્ટનાં બટન ખુલ્લાં રાખી અંદર ક્રોપ ટોપ કે ટી- શર્ટ પહેરી શકાય.

» કોલરવાળા કે એમ્બ્રોઈડરીવાળા કો-ઓર્ડ સેટ મીટિંગ માટે પર્ફેક્ટ છે.

» કોટન, લિનન, ડેનિમ, ખાદી જેવાં ફેબ્રિક પસંદ કરો.

» રાઉન્ડ નેક, વી નેક, ફ્રન્ટ ઓપન ટોપ સાથે સ્ટ્રેટ ફીટ ટ્રાઉઝર્સ પહેરો.

» સ્લીવલેસ પહેરવા ઈચ્છતાં હો તો વેસ્ટ કોટ સ્ટાઈલના ટોપ સાથે ફલેયર્ડ પેન્ટ પહેરી શકાય. એની સાથે ન્યૂડ પંપ શૂઝ પહેરો.

» ડેનિમ કો ઓર્ડ પસંદ કરતાં હો તો મિડ રાઈઝ સ્ટ્રેટ ફિટ ટ્રાઉઝર્સ પહેરો. જો કમ્ફર્ટેબલ હો તો ટોપ પેન્ટની અંદર ટક ઈન કરો.

» સ્ટ્રાઈપ્સ પસંદ હોય તો નેરો સ્ટ્રાઈપ્સ પસંદ કરો.

» કુરતા સ્ટાઈલ કો- ઓર્ડ પહેરતાં હો તો કુરતાની લેન્થ ઘૂંટણ સુધી અને પેન્ટની લેન્થ એન્કલ સુધી રાખો.

» એકસેસરીઝનું ખાસ ધ્યાન રાખો. કાનમાં સ્ટડ્ઝ કે પર્લ ટોપ્સ પહેરી શકાય. હાથમાં માત્ર બ્રેસલેટ કે રિસ્ટ વોચ. ગોલ્ડ કે સિલ્વર મેટલ પસંદ કરો.

» ફોર્મલ શૂઝ, હીલ્સ કે સેન્ડલ્સ કો-ઓર્ડ સાથે સારાં લાગે છે.

## શું ન કરશો?

જો કો- ઓર્ડ સેટ યોગ્ય રીતે સ્ટાઈલ કરવામાં ન આવે તો એ નાઈટસૂટ જેવા જ લાગે છે.

» કો- ઓર્ડ સેટમાં યોગ્ય ફેબ્રિકની પસંદગી કરવી બહુ જરૂરી છે. સાટિન, સિલ્ક, સિન્થેટિક, પોલિસ્ટર જેવાં ચમકદાર ફેબ્રિકના કો-ઓર્ડ સેટ નાઈટ સૂટ જેવી ફીલ આપે છે. એ પ્રોફેશનલ લાગતાં નથી.

» જો કો-ઓર્ડ સેટ બહુ ઢીલા કે ઓવરસાઈઝ હોય તો એ લાઉંજવેર જેવા લાગી શકે છે. એ જ રીતે બહુ ટાઈટ હોય તો પણ લુક બગડે છે.

» વધારે ફ્લેયર્ડ અને ફ્રીલ્સવાળી ડિઝાઈન ઓફિસમાં ન પહેરો.

» બહુ મોટી ફ્લોરલ પ્રિન્ટ્સ પસંદ ન કરો.

» બબલગમ પિન્ક, રેડ, નિયોન જેવા બ્રાઈટ અને બોલ્ડ કલર્સ ઓફિસ માટે બરાબર નથી. એ નાઈટ સૂટ જેવો લુક આપી શકે છે.

» કો-ઓર્ડ સેટને સ્ટાઈલિશ દર્શાવવા યોગ્ય એક્સેસરીઝની પસંદગી જરૂરી છે. લાંબા નેકલેસ, ડેંગલર્સ, ચંકી બ્રેસલેટ વગેરે પહેરવાનું ટાળો.

» ફ્લેટ્સ અને સાધારણ ચંપલ બોરિંગ લુક આપે છે. એને બદલે મ્યુલ્સ, સેન્ડલ્સ, સ્ટ્રેપી હીલ્સ કે વ્હાઈટ સ્નીકર્સ પહેરો.

» કો-ઓર્ડ સેટ સાથે મોટી અને કેઝ્યુઅલ બેગ કેરી ન કરો. એની સાથે કલચ, સ્લિંગ બેગ કે મીની ટોટ જેવી બેગ શાનદાર લાગે છે.

» તમારી હેરસ્ટાઈલ અને મેકઅપ પણ કો-ઓર્ડ સેટના લુકને બદલી શકે છે. ખુલ્લા વાળ, સ્લીક પોનીટેલ, મેસી બન કે લો બન સાથે લાઈટ મેકઅપ અને ગ્લોસી લિપ્સ તમને ફેમિનિન અને સ્ટાઈલિશ લુક આપશે.





